લઘુ, કુટિર અને નાના ઔદ્યોગિક એકમો માટે ખરીદનીતિ ૧૯૯૭ના અમલ બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
**પરિપત્ર ક્રમાંકઃ-એસપીઓ-૧૪-૨૦૧૦-૨૭૧૯૧૮-ચ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૦૧/૦૮/૨૦૧૫

**વંચાણમાં લીધાઃ-**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૧૦૯૫-૨૬૩૬(૯૭)-ચ, તા.૨૩-૯-૧૯૯૭.

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ-એસપીઓ-૧૪-૨૦૧૦-૨૭૧૯૧૮-ચ, તા.૦૨/૦૨/૨૦૧૧.

(૩) ઉદ્યોગ કમિશ્નરશ્રીની ફાઇલ ક્રમાંકઃ-IWDMS-598241 ની તા. ૨૬/૦૫/૨૦૧૫ની નોંધ

**આમુખઃ-**

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩-૯-૧૯૯૭ ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૧૦૯૫-૨૬૩૬(૯૭)-ચ, થી લઘુ, કુટિર અને નાના ઔદ્યોગિક એકમો માટે ખરીદનીતિ ૧૯૯૭ બહાર પાડવામાં આવેલ છે. જેમાં કક્ષા ''અ'' માં બતાવેલ સરકારી સંસ્થાઓ તથા કક્ષા ''બ'' માં બતાવેલ સરકાર માન્ય સંસ્થાઓ પાસેથી વગર ટેંન્ડરે રૂપિયા ૪૦,૦૦૦/- સુધીની ખરીદી કરી શકાય છે. તા.૨૩-૯-૧૯૯૭ની નવી ખરીદનીતિ તથા ત્યારબાદના વખતો વખત કરવામાં આવેલ ઠરાવોમાં કેંન્દ્રીય ભંડારનો સમાવેશ વગર ટેન્ડરે ખરીદીની યાદીમાં થયેલ નથી. આ અંગે સંદર્ભ ક્રમાંક (૨) પરના પરિપત્રથી ખરીદનીતિ ૧૯૯૭ની જોગવાઇઓનો ચૂસ્તપણે અમલ કરવા જણાવવામાં આવેલ છે. તેમ છતાં હજુ પણ કેન્દ્રીય ભંડાર દ્વારા ક્ષેત્રિય કચેરીઓને એમ કહેવામાં આવે છે કે રાજય સરકારની કચેરીઓ દ્વારા તેમની પાસેથી ટેન્ડર વગર ખરીદી કરી શકાય છે, અને આ રીતે ગેરમાર્ગે દોરવામાં આવે છે, તેવા કિસ્સાઓ ધ્યાને આવેલ છે. ક્ષેત્રિય કચેરીઓ દ્વારા હજી પણ કેંન્દ્રીય ભંડાર પાસેથી ટેન્ડર વગર ખરીદી કરવામાં આવી રહી છે, તેવુ જાણવા મળેલ છે. આથી કેન્દ્રીય ભંડાર, ગાંધીનગર અથવા અન્ય શહેરમાના તેમના ભંડાર પાસેથી વિના ટેન્ડરે ખરીદી કરી શકાય છે, તેમ માની તેમની સાથે ખોટી રીતે રેઇટ કોન્ટ્રાકટ કરીને જે ખરીદી થઇ રહી છે તેને અટકાવવા અંગે જરૂરી સ્પષ્ટતા / સૂચનાઓ ફરી બહાર પાડવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

**પરિપત્ર :-**

આ વિભાગના તા.૨૩-૯-૧૯૯૭ ઠરાવ ક્રમાંકઃ-એસપીઓ-૧૦૯૫-૨૬૩૬(૯૭)-ચ, થી લઘુ, કુટિર અને નાના ઔદ્યોગિક એકમો માટે નવી ખરીદનીતિ ૧૯૯૭ બહાર પાડવામાં

આવેલ છે. આ નીતિનો ચુસ્તપણે અમલ કરવા રાજ્ય સરકારના સર્વે વિભાગો, ખાતાના વડાઓ, બોર્ડ/કોર્પોરેશનો/કચેરીઓને સુચના આપવામાં આવેલ છે. આ અંગે નીચેની બાબતો ધ્યાને રાખવા રાજ્ય સરકારના સર્વે વિભાગો, ખાતાના વડાઓ, બોર્ડ/કોર્પોરેશનો/કચેરીઓને સુચના આપવામાં આવે છે.

(૧) કેન્દ્રીય ભંડાર, બ્લોક નં. ૧૧૯/૩, જ-ટાઇપ, સેકટર-૧૦, ગાંધીનગર (GST 24060302369 અને CST 24560302369) નો સમાવેશ વિના ટેન્ડરે ખરીદી થઇ શકે તેવી સંસ્થાઓની યાદીમાં કરવામાં આવેલ ન હોઇ, તેમની પાસેથી તે રીતે ખરીદી કરવાની રહેતી નથી.

(૨) તા. ૦૨/૦૨/૨૦૧૧ ના પરિપત્ર તરફ સર્વે વિભાગોનું ધ્યાન દોરવામાં આવે છે. તેમના હસ્તકની તમામ કચેરીઓ દ્વારા તેનું ચુસ્ત પાલન કરવા જણાવવામાં આવે છે.

(૩) હવે પછી કેન્દ્રીય ભંડાર, ગાંધીનગર પાસેથી વિના ટેન્ડરે ખરીદી કરવાના કિસ્સા ધ્યાનમાં આવશે તો, તે અંગે જવાબદાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાને પાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ મહેતા)
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- ઉદ્યોગ કમિશ્નરશ્રી, અને મધ્યસ્થ સરંજામ ખરીદ અધિકારીશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સંયુકત ઉદ્યોગ કમિશ્નરશ્રી (સ.ખ.) ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામક હિસાબ અને તિજોરી ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ (૨) ઓડિટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે ખાતાના વડાઓ - તાબાની કચેરીઓને/બોર્ડ/નિગમોને જાણ કરવાની વિનંતી સહ..
- ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ.
- ડિવીઝનલ મેનેજરશ્રી, કેન્દ્રીય ભંડાર,બ્લોક નં ૧૧૯/૩ જ ટાઇપ,સેક્ટર -૨૦, ગાંધીનગર જાણ સારુ
- પસંદગી ફાઇલ.
- અંગત ફાઇલ.